મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G T NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૩-૦૯-૨૦૨૫
બુધવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૪૦
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

### ખેતી બેંકના ચેરમેન દ્વારા કરાયેલા ખોટા પેટા નિયમ સુધારાને રજીસ્ટ્રારના હુકમ બાદ ઉપ સચિવે રદ કર્યો

# ખેતી બેંકનો ચેરમેન ડોલર કોટેચા એક નંબરનો 'ખોટાળો' નિકળ્યો!

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

ખેતી બેંકના ચેરમેન દ્વારા ખોટી રીતે લાગુ કરાયેલા પેટા નિયમ સુધારાને રજીસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીઝના હુકમ બાદ ઉપ સચિવે રદ કર્યો છે. આ નિર્ણયને ખેડૂતોના હિતમાં મોટી જીત તરીકે જોવામાં આવી રહી છે, જે સહકારી ક્ષેત્રમાં પારદર્શિતા અને ન્યાયની સ્થાપના કરે છે. ખેતી બેંકના ચેરમેન દ્વારા ખોટી રીતે રજૂ કરાયેલા પેટા નિયમ સુધારાઓ ખેડૂતોના હિતોને નુકસાન પહોંચાડનારા હતા. આ સુધારાઓથી ખેડૂતોની લોન, સબસિડી અને અન્ય સુવિધાઓ પર પ્રતિકૂળ અસર થવાની શક્યતા હતી. આ મુદ્દે ખેડૂતો અને સહકારી કાર્યકરોએ રજીસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીઝ સમક્ષ ફરિયાદ કરી હતી, જેના પર રજીસ્ટ્રારે તપાસ હાથ ધરી હતી.

તપાસમાં પેટા નિયમ સુધારાઓમાં અનિયમિતતા અને ખોટી પ્રક્રિયા સામે આવી હતી. જેના આધારે રજીસ્ટ્રારે આ સુધારાઓને ગેરકાયદે જાહેર કર્યા હતા. આ હુકમને પડકારતા ચેરમેન દ્વારા ઉપ સચિવ સમક્ષ અપીલ કરવામાં આવી હતી. જોકે, ઉપ સચિવે રજીસ્ટ્રારના હુકમને યથાવત રાખીને પેટા નિયમ સુધારાઓને સંપૂર્ણપણે રદ કર્યા હતા. આ નિર્ણયથી ખેડૂતોના હિતોનું રક્ષણ થયું અને સહકારી બેંકની કામગીરીમાં પારદર્શિતા સુનિશ્ચિત થઈ છે. આ નિર્ણયની સહકારી ક્ષેત્રના નેતાઓ અને ખેડૂત સમુદાયે ઉષ્માભર્યું સ્વાગત કર્યું છે. ખેડૂતોનું પ્રતિનિધિત્વ કરતા એક આગેવાને જણાવ્યું હતું કે, આ નિર્ણયથી ખેડૂતોના અધિકારોનું રક્ષણ થયું છે અને ખેતી બેંકની ગેરકાયદે પ્રવૃત્તિઓ પર અંકુશ આવ્યો છે. આ ઉપરાંત, રજીસ્ટ્રાર અને ઉપ સચિવના



આ નિર્ણયને સહકારી ક્ષેત્રમાં ન્યાયની સ્થાપના તરીકે જોવામાં આવી રહ્યો છે. આ ઘટનાએ ખેતી બેંકની કામગીરીમાં સુધારણા અને વધુ પારદર્શિતાની જરૂરિયાતને સ્પષ્ટ કરી છે. ખેડૂતોના હિતોને પ્રાથમિકતા આપવા અને ગેરકાયદે પ્રવૃત્તિઓને રોકવા માટે સરકાર અને સહકારી વિભાગે આગળ પણ કડક પગલાં લેવાની જરૂર છે. આ નિર્ણયથી ખેડૂતોમાં નવો આત્મવિશ્વાસ જાગ્યો છે અને સહકારી ક્ષેત્રમાં ન્યાયની આશા મજબૂત બની છે.

#### ચેરમેને ચૂંટણી જીતવા પ્રપંચ રચ્યું હતું

ખેતી બેંકના ચેરમેનની ગેરરીતિઓ સામે રામપુરા કુકસના રમેશભાઈ નાથુભાઈ ચૌધરીએ ન્યાયની લડત લડી અને ખેડૂતો માટે મોટી જીત હાંસલ કરી છે. ખેતી બેંકના ચેરમેન દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં નાના ખેડૂતોને અંધારામાં રાખીને થાપણદારોની એક સીટ નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ડિરેક્ટરોની લાયકાતોને ખોટી રીતે નક્કી કરીને ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરવાની કોશિશ કરવામાં આવી હતી. આ ગેરકાયદે પ્રયાસો ખેડૂતોના અધિકારો અને સહકારી બેંકની નીતિઓનું ઉલ્લંઘન કરનારા હતા.

#### પેટા નિયમમાં બેંકના સિદ્ધાંતો વિરુદ્ધ ફેરફાર કરાયા છે

ચેરમેનના આ પેટા નિયમ સુધારાઓ અને ડિરેક્ટરોની ખોટી લાયકાત નક્કી કરવાના નિર્ણયને રજીસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીઝ સમક્ષ પડકારવામાં આવ્યો હતો. રમેશભાઈએ દલીલ કરી કે આ સુધારાઓ નાના ખેડૂતોના હિતોને નજરઅંદાજ કરીને થાપણદારોની તરફેણમાં લેવાયા હતા. જે સહકારી બેંકના મૂળ સિદ્ધાંતોની વિરુદ્ધ છે. આ ઉપરાંત, ડિરેક્ટરોની લાયકાતો નક્કી કરવામાં પણ અનિયમિતતા હતી. જેનાથી ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા પર પ્રશ્નો ઉભા થયા હતા.

#### અરજદારની તપાસમાં પેટા નિયમ સુધારા ગેરકાયદે સામે આવ્યા

અરજદારની ફરિયાદની આધારે રજીસ્ટ્રારની તપાસમાં સામે આવ્યું કે ચેરમેન દ્વારા લાગુ કરાયેલા પેટા નિયમ સુધારાઓ ગેરકાયદે હતા અને ખેડૂતોના હિતોનું નુકસાન કરનારા હતા. રજીસ્ટ્રારે આ સુધારાઓને રદ કરવાનો હુકમ કર્યો. જોકે, ચેરમેન દ્વારા આ હુકમને ઉપ સચિવ સમક્ષ પડકારવામાં આવ્યો હતો. પરંતુ ઉપ સચિવે રજીસ્ટ્રારના નિર્ણયને યથાવત રાખીને આ ગેરકાયદે સુધારાઓને સંપૂર્ણપણે રદ કરી દીધા છે. આ નિર્ણયથી નાના ખેડૂતોના અધિકારોનું રક્ષણ અને ખેતી બેંકની ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા દેખાઈ આવી છે.

### રાજા મેસાજી ચાવડા દ્વારા સ્થાપિત નગરીએ તોરણ બાંધી પોતાની સ્થાપનાના ૬૬૭ વર્ષ પૂર્ણ કર્યા

# ઐતિહાસિક પ્રસંગે મહેસાણામાં ધજા-પતાકા, બેન્ડવાજા સાથે શોભાયાત્રા નિકળી : નાગરીકો ઉત્સાહભેર જોડાયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

ગુજરાતના ઐતિહાસિક શહેર મહેસાણાએ આજે તેના ૬૬૭મા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરી. ઈ.સ. ૧૩૫૮માં રાજા મેસાજી ચાવડા દ્વારા સ્થાપિત આ નગરીએ આજે તોરણ બાંધીને પોતાની સ્થાપનાના ૬૬૭ વર્ષ પૂર્ણ કર્યા. આ ઐતિહાસિક પ્રસંગે શહેરમાં એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શોભાયાત્રા મહેસાણાના ઐતિહાસિક તોરણવાડી બજારથી શરૂ થઈ હતી. ધજા-પતાકા, બેન્ડવાજા અને ઉમંગભેર નાચતા લોકો સાથે આ યાત્રા ભાટવાડા, નીચા ભાટવાળા, ઊંચી શેરી અને આઝાદ ચોક જેવા મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. શહેરના નાગરિકોએ આ યાત્રાને ઉષ્માભર્યો આવકાર આપ્યો હતો અને વિવિધ સમાજના લોકો તેમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

ખાસ કરીને આ શોભાયાત્રામાં બારોટ સમાજે એક આગવી ઓળખ ઊભી કરી હતી. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ બારોટ સમાજના યુવાનો અને વડીલોએ મન મૂકીને નૃત્ય કર્યું હતું, જેણે સમગ્ર વાતાવરણને જીવંત બનાવી દીધું હતું. તેમની સહભાગિતા અને જોશને કારણે યાત્રામાં અનેરો રંગ ઉમેરાયો હતો.



આ સ્થાપના દિવસની ઉજવણીએ મહેસાણાની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને તેની સ્થાપનાના મૂળને પુનઃજીવિત કર્યો. રાજા મેસાજી ચાવડાની સ્થાપિત કરેલી આ નગરી આજે પણ પોતાની પરંપરાઓ અને સામાજિક એકતા માટે ગૌરવ અનુભવે છે. આજના દિવસે, મહેસાણાના લોકોએ પોતાના શહેરના ગૌરવશાળી ઈતિહાસની યાદ તાજી કરી અને તેના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી.

### મહેસાણાના ૬૬૭માં સ્થાપના દિવસની રંગારંગ ઉજવણી : શ્રેષ્ઠ સફાઈ કામદારોનો સન્માન સમારોહ યોજાયો

# આવાસ યોજનાના લાભાર્થીઓને મંજૂરી હુકમનો વિતરણ અને શ્રેષ્ઠ સફાઈ કામદારોને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

મહેસાણાના ૬૬૭મા સ્થાપના દિન નિમિત્તે મહેસાણા મહાનગરપાલિકા દ્વારા ટાઉનહોલ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી ૨.૦ યોજના મ્ન્ઝ ઘટક હેઠળના ૧૮૪ લાભાર્થીઓને પોતાના પાકા ઘરનું ઘર બનાવવાના સહાયના મંજૂરી પત્ર વિતરણ તેમજ શ્રેષ્ઠ સફાઈ કામદારોનો સન્માન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે લોકસભા સાંસદશ્રી હરિભાઈ પટેલે જણાવ્યું હતું કે, મહેસાણાના સ્થાપના દિવસ નિમિત્તે આજે ૧૮૪ જેટલા લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાક્કા મકાનના ઘરના ઘરનો લાભ



મળવાનો છે. મહેસાણા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં અનેક ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. આગામી સમયમાં આ મહેસાણા શહેર વધુ ગતિથી વિકાસ પામશે.

વધુમાં તેમણે જણાવ્યું કે સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન, એક પેડ માઁ કે નામ, કેચ ધ રેઈન જેવા અનેક અભિયાનો હાથ ધર્યા છે, ત્યારે આ અભિયાનોમાં નાગરિકોને સહભાગી થવા સાંસદશ્રીએ અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે આવાસ યોજનાના લાભાર્થીઓને મંજૂરી હુકમ નો વિતરણ અને શ્રેષ્ઠ સફાઈ કામદારોને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તૃષાબેન પટેલ, મહેસાણા ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, જિલ્લા કલેકટરશ્રી એસ.કે પ્રજાપતિ, મ્યુનિસિપલ કમિશનરશ્રી રવિન્દ્ર ખતાલે સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી શારદા શક્તિ ફાઉન્ડેશન દ્વારા ગુડલક પાર્ટી પ્લોટ રાધનપુર રોડ ખાતે ગણેશ પંડાલનું આયોજન

# ગણેશ પંડાલમાં નૃત્ય નાટિકા રજુ કરીને ઓપરેશન સિંદૂર અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા

#### સ્વદેશી વસ્તુઓના વપરાશ અંગે જાગૃતિ લાવવા જાહેરાત, બેનરો મૂકવામાં આવ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

ભક્તિ અને સંસ્કૃતિના ઉત્સવ ગણેશોત્સવ દરમિયાન સમગ્ર રાજ્યમાં વિવિધ થીમ આધારિત પંડાલોમાં દૂંદાળા દેવની આરાધના ઉત્સાહપૂર્વક કરવામાં આવી રહી છે. મહેસાણા જિલ્લામાં પણ અલગ અલગ મંડળો દ્વારા 'સ્વચ્છતા', 'ઓપરેશન સિંદૂર' સહિતની વિવિધ થીમ પર પંડાલો તૈયાર કરવામાં આવ્યાં છે. શ્રી શારદા શક્તિ ફાઉન્ડેશન દ્વારા ગુડલક પાર્ટી પ્લોટ રાધનપુર રોડ, મહેસાણા ખાતે ગણેશ પંડાલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ગણેશ પંડાલના આયોજક પરેશકુમાર પટેલના જણાવ્યા અનુસાર ગણેશ પંડાલમાં ઓપરેશન સિંદૂર અંગેના બેનરો લગાવવામાં આવ્યા હતા, જેના દ્વારા લોકોને ઓપરેશન સિંદુર અંગે જાણકારી મળે તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા.




સ્વદેશી વસ્તુઓના વપરાશ અંગે જાગૃતિ લાવવા જાહેરાત, બેનરો મૂકવામાં આવ્યા હતા. આ ઉપરાંત નૃત્ય નાટિકા રજુ કરીને ઓપરેશન સિંદૂર અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

વધુમાં જણાવ્યા અનુસાર ગણેશ પંડાલ દરમિયાન સંતવાણી, સાંસ્કૃતિક લોક ડાયરો અને રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ વડીલ વંદના કાર્યક્રમ અંતર્ગત વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પરિવાર ઉત્સવ કાર્યક્રમ અંતર્ગત મા-બાપ સાથે સંયુક્ત પરિવારમાં રહેતા પુત્ર - પુત્રવધુનું સન્માન કરવામાં આવ્યું હતું.

આમ, શ્રી શારદા શક્તિ ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરાયેલા આ પંડાલમાં નાગરિકોને ભારતીય સૈનિકોના સાહસ અને શૌર્યની ઝાંખી જોવા મળી હતી. આમ, દેશદાઝ અને રાષ્ટ્રભાવના જન્માવતા વિવિધ બેનર્સ અને ફ્લોટ્સ નાગરિકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતા.

# ઊંઝાથી અંબાજી ભાદરવી પૂનમ મેળા માટે એસટી બસ સેવા:૨થી ૭ સપ્ટેમ્બર સુધી ૨૦ ટ્રીપ, ભાડું ૧૭૦ રૂપિયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

ઊંઝા એસટી ડેપો દ્વારા અંબાજી ભાદરવી પૂનમના મહામેળા માટે આજથી વિશેષ બસ સેવાનું સંચાલન શરૂ થશે. આ સેવા ૨ સપ્ટેમ્બર થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી કુલ ૬ દિવસ માટે ઉપલબ્ધ રહેશે.

પ્રારંભમાં ૧૦ બસોથી સેવા શરૂ કરવામાં આવશે. યાત્રાળુઓની સંખ્યા વધવાના કિસ્સામાં વધારાની બસો મૂકવા માટે ડેપો તૈયાર છે. મહામેળા દરમિયાન રોજની અંદાજે ૧૮થી ૨૦ ટ્રીપનું આયોજન કરવામાં



આવ્યું છે. માઈભક્તોની સંખ્યા વધુ હશે તો ટ્રીપોની સંખ્યામાં વધારો કરવામાં આવશે.

યાત્રાળુઓની સુવિધા માટે એક્સ્ટ્રા બસનું ભાડું ૧૭૦ રૂપિયા નિર્ધારિત કરવામાં આવ્યું છે. આ વિશેષ બસ સેવા અંબાજી મંદિરે આવતા ભક્તોને સરળ અને સુવિધાજનક યાત્રા પૂરી પાડશે.






## મેરિટ વિરુદ્ધ તક, રાધાકૃષ્ણન વિરુદ્ધ સુદર્શન

દેશમાં ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ભાજપની આગેવાની હેઠળના એનડીએ અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાએ પોતપોતાના ઉમેદવારો પસંદ કર્યા છે. એનડીએએ સીપી રાધાકૃષ્ણનને તેના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. તેનાથી વિપરીત,ઈન્ડિયાએ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ બી સુદર્શન રેડ્ડીને તેના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. તે બંને રાષ્ટ્ર માટે બે સંપૂર્ણપણે વિરુદ્ધ દ્રષ્ટિકોણનું ચિત્ર રજૂ કરે છે.

હકીકતમાં, આ ચૂંટણી મેરિટ અને તકવાદ વચ્ચેની સ્પર્ધા છે. સીપી રાધાકૃષ્ણન કોઈમ્બતુરથી બે વખત સાંસદ રહ્યા અને દાયકાઓ સુધી સમર્પણ દ્વારા લોકોનો વિશ્વાસ મેળવ્યો. ઝારખંડના રાજ્યપાલ તરીકે, તેમણે ગૌરવ અને દૃઢતા સાથે બંધારણીય ફરજો નિભાવી, સામાન્ય માણસ સાથે જોડાયા અને સામાજિક પરિવર્તન સુનિશ્ચિત કર્યું.

ઉપરાષ્ટ્રપતિ પદ પર તેમનું પદોન્નતિ એ લોકો અને બંધારણ પ્રત્યેની જીવનભરની સેવાની માન્યતા છે. તેમની ઉમેદવારી તમિલો અને દક્ષિણ ભારતના ઘણા લોકો માટે ખૂબ જ વ્યક્તિગત છે. તે એક સંકેત છે કે નવી દિલ્હીમાં તેમનો અવાજ મહત્વપૂર્ણ છે. તે કોઈ રહસ્ય નથી કે કોંગ્રેસના શાસનના પરાકાષ્ઠા દરમિયાન, તમિલનાડુ ઘણીવાર રાષ્ટ્રીય રાજકારણમાંથી બાકાત રહેતું હતું, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તે બદલાઈ ગયું છે. રાધાકૃષ્ણનનો ઉદય નવા ભારતની વાર્તામાં તમિલનાડુના કેન્દ્રિયતાનું એક શક્તિશાળી પ્રતીક છે.

તમિલનાડુ પ્રત્યે પીએમ મોદીની પ્રતિબદ્ધતા આ નામાંકનથી ઘણી આગળ છે. છેલ્લા દાયકામાં, તેમણે ખાતરી કરી છે કે તમિલ નેતાઓ ભારતના શાસનમાં અગ્રણી ભૂમિકા ભજવે. ઉદાહરણ તરીકે, ડૉ. તમિલિસાઈ સુંદરરાજને તેલંગાણા અને પુડુચેરીના રાજ્યપાલ તરીકે તેમની કુશળતા અને નેતૃત્વ દર્શાવ્યું. સંરક્ષણ અને નાણાં પ્રધાન તરીકે નિર્મલા સીતારમણનો કાર્યકાળ ભારતની આર્થિક શક્તિનું વૈશ્વિક પ્રતીક બની ગયો છે. ડૉ. એસ. જયશંકરની કુશળ રાજદ્વારી અને વિદેશ પ્રધાન તરીકેની સેવાએ ભારતનો અવાજ વિશ્વ મંચ પર સંભળાવ્યો છે.

આ ફક્ત પ્રતીકાત્મક નિમણૂકો નથી પરંતુ એ વાતનો પુરાવો છે કે પીએમ મોદી તમિલનાડુને પ્રતિભાનું પાવરહાઉસ અને આપણા સામૂહિક ભારતીય વારસાનું ભંડાર માને છે. પીએમ મોદી યુએનમાં પ્રાચીન તમિલ લખાણ તિરુક્કુરલમાંથી અવતરણ કરે, તમિલને વિશ્વની સૌથી જૂની ભાષા તરીકે જાહેર કરે કે પવિત્ર સેંગોલને સન્માનનું સ્થાન આપે, આ ક્ષણો ફક્ત પ્રતીકાત્મક નથી પરંતુ ભારતના આત્માના અભિન્ન ભાગ તરીકે તમિલ ઓળખની ઉજવણી છે.

આમાં કાશી તમિલ સંગમમ અને સૌરાષ્ટ્ર તમિલ સંગમમ જેવી પહેલો પણ ઉમેરવામાં આવી છે, જે તમિલ પરંપરાઓને અન્ય પ્રદેશોની પરંપરાઓ સાથે જોડે છે. રાધાકૃષ્ણન એક ભારતના આ ભાવનાનું પ્રતીક છે.તેનાથી વિપરીત,ઈન્ડિયાની પસંદગી તકવાદ અને દંભની ગંધ લે છે, જે સ્પષ્ટ કરે છે કે આ જોડાણ સિદ્ધાંતો કરતાં રાજકીય તકવાદ પર વધુ કેન્દ્રિત છે. ૨૦૧૩માં જ્યારે રેડ્ડીને ગોવાના પ્રથમ લોકાયુક્ત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, ત્યારે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ તેમને ભાજપના ×હા-પુરુષ× તરીકે વર્ણવ્યા. આજે, ૨૦૨૫માં, તે જ કોંગ્રેસ-નેતૃત્વ ગઠબંધન તેમને ×ન્યાયના ચેમ્પિયન× કહી રહ્યું છે.રેડ્ડીનો ન્યાયિક રેકોર્ડ પણ આત્મવિશ્વાસ પ્રેરિત કરતો નથી. ૨૦૧૧માં છત્તીસગઢમાં માઓવાદી વિરોધી પહેલ સલવા જુડુમને રદ કરવાનો તેમનો નિર્ણય માઓવાદી હિંસા સામેની ભારતની લડાઈ માટે એક આંચકા તરીકે જોવામાં આવ્યો હતો. આજે, જ્યારે માઓવાદની સમસ્યા લગભગ સમાપ્ત થવાના આરે છે, ત્યારે રેડ્ડીનો નિર્ણય ઘણા પ્રશ્નો ઉભા કરે છે. શું આપણે આવી વ્યક્તિને ઉપરાષ્ટ્રપતિની ખુરશી પર જોવા માંગીએ છીએ? ભોપાલ ગેસ દુર્ઘટના કેસ ફરીથી ન ખોલવાનો રેડ્ડીનો નિર્ણય પણ તેમના વારસા પર એક ડાઘ છે. તેમનું નામાંકન મધ્યપ્રદેશના લોકો સાથેના અન્યાયની ક્રૂર યાદ અપાવે છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

---

**યુવકને માર મારતો વીડિયો સોશિયલ મીડિયા વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી**

# ઢીમા ચાર રસ્તા પર દારૂડિયા તત્વોનો ત્રાસ નાસ્તાની લારી ચલાવતા યુવક પર હુમલો

### વાવ તાલુકાનાં યાત્રાધામ ઢીમામાં બૂટલેગરો, અસામાજિક તત્વોનો ત્રાસ,લોકોમાં ફફડાટ

(ગરવી તાકાત) વાવ તા.૨

વાવ તાલુકાનાં યાત્રાધામ ઢીમામાં છેલ્લાં કેટલાક સમયથી અસામાજિક તત્વો બૂટલેગરો અને દારૂડિયા તત્વોનો ત્રાસ વધી રહ્યો છે ત્યારે રવિવારે ઢીમા ચાર રસ્તા પર નાસ્તાની લારી ચલાવતા યુવક પર જાહેરમાં

હુમલો થતાંના વિડિઓ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા અને યુવકને માથાના ભાગે વધારે લાગતા તેને પ્રાઈવેટ વાહન મારફત વાવની રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.અને માથાના ભાગે વાગતા સીટી સ્કેન કરાયો હતો.

મળતી માહિતી મુજબ ઢીમા ચાર


(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

રસ્તા પાસે આવેલ પીક અપ સ્ટેન્ડ પાસે નાસ્તાની લારી ચલાવતા અલ્પેશભાઈ શામળદાસ સાધુ (ઉ.વ.૩૮ રહે ઢીમા) નાસ્તો ઉધાર આપવા બાબતે માથાકૂટ થઈ હતી જોકે અલ્પેશભાઈ એ હજુ તો બોણી પણ નથી થઈ એવું કહ્યું હતું.અને ઉધારે આપીશ નહી અને ત્યાર બાદ અલ્પેશ પાણીની પરબે પાણી ભરવા માટે ગયેલ ત્યાં ગાળો બોલીને શર્ટના કોલરથી પકડીને કહ્યું કે તમે મને નાસ્તો કેમ નથી આપતા તેમ કહીને ગાળો બોલવા લાગેલ અને ગાળો બોલવાની ના પાડતા તેમના પાસે લોખંડની છરી હોઈ જે મને માથાના ભાગે મારેલ અને તેવામાં વચ્ચે મગનભાઈ ખેંગારભાઈ જાતે પરમાર રહે ઢીમા ગડદાપાટુનો માર મારેલ છે ત્યારે વચ્ચે ભરતસિંહ શંભુજી રાજપૂત રહે જમડા આવી ગયેલ અને વધુ મારથી બચાવ્યો હતો.પોલીસે વિપુલભાઈ સવજીભાઈ પરમાર, મગનભાઈ ખેંગારભાઈ જાતે પરમાર રહે ઢીમા, તા.વાવ વિરુદ્ધ સમગ્ર બાબતે બે યુવકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

**૧૫ વર્ષ જુના શિષ્યવૃતિ ઉચાપત કેસમાં તત્કાલીન આચાર્ય રઘુરામ આશલનો નિર્દોષ છુટકારો**

# વાવ તાલુકાનાં ભાટવરવાસ પ્રા.શાળા ઉચાપત કેસમાં તત્કાલીન આચાર્યનો નિર્દોષ છુટકારો

(ગરવી તાકાત) વાવ તા.૨

વાવ તાલુકાનાં ભાટવરવાસ પ્રાથમિક શાળા તા વાવ માં તત્કાલીન આચાયશ્રી આશલ રઘુરામભાઈ માદેવભાઈ આશલ રહેવાસી ભાટવરવાસ તા. વાવ ફરજ બજાવતા હતા.આ સમયગાળા દરમિયાન રબારી ખેતાભાઈ કાળાભાઈ રહેવાસી ભાટવરવાસ તા.વાવ દ્વારા વાવ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૪૬/૧૦ આઈ.પી.સી કલમ ૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧,૪૭૪, ૧૧૪ મુજબ તા૦૨/૧૦/૨૦૧૦ના રોજ તત્કાલીન ભાટવરવાસ પ્રા.શાળાના આચાર્ય રઘુરામભાઈ માદેવભાઈ આશલ વિરુદ્ધ ગુન્હો



નોંધવામાં આવેલ હતો.

આ ગુનાની ફરિયાદ પક્ષના કેસની હકીકત મુજબ સને ૨૦૦૪ થી તા.૦૩/૦૯/૨૦૧૦ સુધીમાં ભાટવરવાસ પ્રા શાળાના આચાર્ય તરીકે આશલ રઘુરામભાઈ માદેવભાઈ ફરજ બજાવતા હતા તે સમય દરમિયાન કુલ ૪,૫૪,૧૧૬/- રૂપિયાની ઉચાપત અંગેની ફરિયાદ નોંધવામાં આવેલ હતી પરંતુ વાવ પોલીસ દ્વારા દસ્તાવેજી અને મૌખિક પુરાવાની તપાસ કરતાં કુલ ૯૫૮૦/- રૂપિયાની ઉચાપત અંગેની ચાર્જશીટ તા.૧૧/૧૦/૨૦૧૧ ના રોજ નામદાર વાવ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરેલી હતી.જે અંગેનો કેસ નં ૩૪૩/૨૦૨૩ થી વાવના મહે. જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ ચાલી જતાં ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી શ્રી આર. એમ. ગામીત દ્વારા ૫૪ મૌખિક પુરાવા અને ૧૫ દસ્તાવેજી પુરાવા તથા બચાવ પક્ષે વિદ્વાન વકીલ ચિંતનભાઈ ત્રિવેદી દ્વારા કુલ ૬ દસ્તાવેજી પુરાવા રજૂ કરી કેસ ચાલી જતાં આ કામના આરોપી અને તત્કાલીન ભાટવરવાસ પ્રા.શાળાના આચાર્ય રઘુરામભાઈ માદેવભાઈ આશલ રહેવાસી ભાટવરવાસ તા. વાવ જી.બનાસકાંઠાને ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે આઈ.પી.સી કલમ ૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૪, ૪૭૧ હેઠળના ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. આ હુકમ તા ૨૪મી એપ્રિલ ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ હતો.

---

# અમદાવાદ એરપોર્ટ પર મુસાફરોના મોજામાંથી ૨.૫૬ કરોડનું સોનું ઝડપાયું

અમદાવાદ, તા.૨

અમદાવાદ કસ્ટમ વિભાગે દુબઈથી આવેલા ત્રણ મુસાફરો પાસેથી ૨.૬૫ કિલોગ્રામ સોનું જપ્ત કર્યું છે, જેની કિંમત રૂ.૨.૫૬ કરોડ છે. આરોપી મોજામાં સોનાની પેસ્ટ છુપાવીને લાવ્યા હતા. અમદાવાદ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમ વિભાગે ૨.૫૬ કરોડનું ૨.૬૫ કિ.ગ્રા સોનું જપ્ત કર્યું છે.

આ ઘટના મામલે કસ્ટમ વિભાગે બે મહિલા સહિત ત્રણની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. દુબઈથી ઈન્ડિગોની ફ્લાઈટમાં મુસાફરો સોનાની પેસ્ટના



૬ સિલ્વર કલરના પાઉચને મોજામાં છૂપાવી અમદાવાદ લાવ્યા હતા.

અમદાવાદ એરપોર્ટના કસ્ટમ વિભાગના અધિકારીઓએ ૧. સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ઈન્ડિગોની ફ્લાઈટ નં. ૬ઈ ૧૪૭૮ માં દુબઈથી અમદાવાદ આવતા એક પુરૂષ અને બે મહિલા મુસાફરોને અટકાવ્યા હતા. તપાસ દરમિયાન ત્રણેય મુસાફરોએ મોજામાં છુપાવેલા સિલ્વર કલરના ૬ પાઉચ મળી આવ્યા હતા.

આ પાઉચની તપાસ કરતા તેમાં ૨.૬૫૦ કિ.ગ્રાના સોનાની પેસ્ટ મળી આવી હતી. જેની કુલ બજાર કિંમત રૂ. ૨.૫૬ કરોડ છે. જેથી કસ્ટમ એક્ટ ૧૯૬૨ હેઠળ તમામ મુદ્દામાલ જપ્ત કરી કસ્ટમ વિભાગે ત્રણેય મુસાફરોની ધરપકડ કરી છે.

છેલ્લા છ મહિનામાં અમદાવાદ એરપોર્ટ પર સોનાની દાણચોરીના ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે જેમાં દાણચોરો ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં સોનું છુપાવવા, તેને રાસાયણિક દ્રાવણમાં ભેળવવા અથવા શરીરના પોલાણમાં છુપાવવા જેવી યુક્તિઓનો ઉપયોગ કરી રહ્યા છે.

---

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે મન પ્રસન્ન રહેશે અને ધર્મ અને આધ્યાત્મિકતામાં તમારી શ્રદ્ધા વધશે. વેપાર અને વ્યવસાય આજે સામાન્ય કરતાં વધુ સારી રીતે આગળ વધશે, પરંતુ આર્થિક બાબતોમાં ઝડપથી કોઈ પર વિશ્વાસ ન કરો, નહીં તો નુકસાન થવાની સંભાવના છે.

**વૃષભઃ** આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઈ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે. તે પછી જ આપણે કાર્યના સફળ વિસ્તરણની યોજના કરી શકીશું.

**મિથુનઃ** તમારા માટે આજનો દિવસ શુભ રહેશે. ધંધા અને ધંધામાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો પરંતુ બેસો નહીં અને લાભ મેળવવાની આશા રાખો. ક્રોધ પર નિયંત્રણ રાખો. મિત્રો સાથે લાંબી મુસાફરી પર જવા માટે યોજના બનાવી શકાય છે.

**કર્કઃ** આજનો દિવસ તમારા માટે પ્રતિકૂળ રહેશે. આજે કાર્યમાં નિષ્ફળતાના કારણે મન નિરાશાથી ભરેલું રહેશે, જેના કારણે આજે તમારામાં ક્રોધની માત્રા પણ વધુ રહેશે. ક્ષેત્રમાં પદ અને સત્તાની મહત્વાકાંક્ષા વિરોધાભાસને જન્મ આપશે.

**સિંહઃ** આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે. પરિવારના કોઈ સભ્યની બીમારી પર ખર્ચ થઈ શકે છે.

**કન્યાઃ**આજનો દિવસ તમારા માટે આનંદકારક રહેશે. તમે દિવસભર રમૂજ અને મનોરંજનના મૂડમાં રહેશો અને તમારા જુસ્સાને પરિપૂર્ણ કરવા માટે જરૂરી કાર્યોને પણ અવગણી શકો છો. પરિવાર તરફથી સુખ મળશે અને પરિવાર તરફથી આનંદ મળશે અને રચનાત્મક કાર્યોમાં કાર્ય થશે.

**તુલાઃ** ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારો જોડાણ થશે, જેને પ્રોત્સાહન મળવાની સંભાવના છે. લેખકો અને કલાને લગતા નામાંકિતોને પ્રતિભા પ્રદર્શિત કરવાની તકો મળશે.

**વૃશ્ચિકઃ** આજ દિવસે વધારે ગુસ્સો થવાને કારણે પરિવાર સાથે કોઈ બાબતે વિવાદ થવાની સંભાવના છે. પૈસામાં વધારો થશે, પરંતુ વધારે ખર્ચને કારણે આર્થિક સ્થિતિ નબળી પડી શકે છે.

**ધનઃ** કાર્યક્ષેત્રમાં તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો, નહીં તો વરિષ્ઠ અધિકારીઓ સાથે અણબનાવ થઈ શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અચાનક મહેમાનોનું આગમન, ખર્ચનો ભાર વધારે છે. પરિવાર સાથે બેસીને સમસ્યાનો સમાધાન શોધવામાં ફાયદો થશે.

**મકરઃ** આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઈ પણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો. નોકરી કરતા લોકો માટે પગારમાં વધારો થઈ શકે છે.

**કુંભઃ** આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો. બાળકોને લગતી સમસ્યાઓના નિવારણમાં બપોર પસાર કરવામાં આવશે. કોઈપણ સ્પર્ધામાં હરીફ વિદ્યાર્થીઓ જીતી શકે છે.

**મીનઃ** આજે તમે મૂંઝવણની સ્થિતિમાં રહેશો. અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફાની તકો નીકળી શકે છે, પરંતુ આજે તમે તમારા સંતોષપૂર્ણ સ્વભાવને લીધે ઉદાસ નહીં રહો.

---

## ફિલ્મી ગપશપ

### સારા અલી ખાન કાશી વિશ્વનાથ મંદિરમાં ગયા, પણ ધર્મના ઠેકેદારો ગુસ્સે થયા



વારાણસી,તા.૨

બોલીવુડ અભિનેત્રી સારા અલી ખાન ઘણીવાર ભગવાનના આશીર્વાદ લેવા અને દર્શન કરવા મંદિરમાં જાય છે. આ વખતે તે બનારસના કાશી વિશ્વનાથ મંદિર પહોંચી છે, જે ૧૨ જ્યોતિર્લિંગોમાંનું એક છે. તેણે સોશિયલ મીડિયા પર તેની એક ઝલક પણ બતાવી છે અને કેપ્શનમાં લખ્યું છે - હર હર મહાદેવ. ચાહકો તેનાથી વિસ્મયમાં છે.

સારા અલી ખાન સફેદ કુર્તામાં જોવા મળી હતી. તેના કપાળ પર તિલક અને ચંદન હતું. તે કાશી વિશ્વનાથ મંદિરની બહાર ઉભી રહી અને પોતાનો ફોટો પડાવ્યો. સૈફ અલી ખાન અને અમૃતા સિંહની પુત્રીએ કેપ્શનમાં લખ્યું, 'જય કાશી વિશ્વનાથ. હર હર મહાદેવ.'

સારા અલી ખાને એક વીડિયો પણ શેર કર્યો છે, જે આરતી દરમિયાનનો છે. તે પુજારીઓ પાસે હાજર છે, જેઓ ગંગા મૈયાની આરતી પણ કરે છે. શંખ ફૂંકાઈ રહી છે અને સારાએ ચંદ્રની ઝલક પણ બતાવી છે.

મોટાભાગના ચાહકો સારાની પોસ્ટ પર હાર્ટ ઈમોજી બનાવી રહ્યા છે. એકે કહ્યું કે તે રાણી છે, જ્યારે બીજાએ કહ્યું કે તે પ્રેમ છે. જોકે, કટ્ટરપંથીઓ ચોક્કસપણે નારાજ છે. એકે ટિપ્પણી કરી, 'કૃપા કરીને તમારા નામમાંથી અલી કાઢી નાખો.' બીજાએ કહ્યું, 'તમારું નામ સારાથી બીજું કંઈક કરો. તમે મુસ્લિમ નથી. તમને શરમ આવે છે.'

ફિલ્મોની વાત કરીએ તો, 'મેટ્રો... ઈન દિનોન' પછી, સારા હવે 'પતિ પત્ની ઔર વો ૨' માં આયુષ્માન ખુરાના સાથે જોવા મળશે. તાજેતરમાં, એવા સમાચાર આવ્યા હતા કે પ્રયાગરાજમાં શૂટિંગ દરમિયાન થયેલી લડાઈમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી અને ત્રણ સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

---

**બિહારમાં ધારાસભા ચૂંટણી સમયે જ મોટો મુદ્દો બનેલો વિવાદ ગુજરાતમાં પણ મોટાપાયે ગાજવા લાગશે**

# ગુજરાતમાં પણ SIR! દિવાળી પછી કવાયત શરૂ કરાશે

**ચુંટણીપંચનો નિર્ણય છ બી.એલ.ઓ. સહિતની નિયુક્તિ પ્રક્રિયા શરૂ છ ૨૦૨૭ના અંત પુર્વે મતદાર યાદીમાં અનેક ફિલ્ટર લાગી જશે છ રાજયમાં વિપક્ષે હ્લવોટ-ચોરી'નો વિવાદ ઉપાડયો જ છે તે પછી નિર્ણય સૂચક**

**કટ ઓફ ડેટ સહિતની હવે જાહેરાત : જો કે વર્ષના અંતે ડયુ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી સામાન્ય સુધારા સાથે હાલની જ મતદાર યાદી મુજબ યોજાશે**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨

બિહારની ધારાસભા ચૂંટણી સમયે જ હ્લવોટ-ચોરી'નો મુદો બની ગયેલા અને વિપક્ષે તેને દેશભરમાં હથિયાર બનાવવા કરેલી જાહેરાત વચ્ચે ચુંટણીપંચ તેના મતદાર યાદી સ્પેશ્યલ ઈન્ટેન્સીવ રીવિજન (સર)માં આગળ વધવા મકકમ છે.

બિહાર બાદ પશ્ચીમ બંગાળમાં આ કવાયત શરૂ કરી દેવા માટે ખાસ અધિકારીઓની નિયુક્તિ પણ શરૂ કરી દીધી છે તે વચ્ચે હવે ગુજરાતમાં પણ દિવાળી પછી રાજયની મતદાર યાદીની પુનસમીક્ષાની કવાયત શરૂ થશે અને આ કામગીરી ૨૦૨૭ના અંતમાં આવી રહેલ વિધાનસભા ચુંટણી પુર્વે પુરી કરી દેવામાં આવશે.

ગુજરાતમાં પણ વિપક્ષોએ વોટ-ચોરીનો મુદો ઉઠાવ્યો છે તે સમયે ચૂંટણી પંચની આ કામગીરીનો વ્યાપક વિરોધ થવાની ધારણા છે. પરંતુ રાષ્ટ્રીય ચુંટણીપંચે આ કામગીરી માટે બ્લોક લેવલ ઓફિસર (બીએલઓ) તથા અન્ય સ્ટાફની નિયુક્તિની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે.

એક સીનીયર સરકારી અધિકારીના જણાવ્યા મુજબ કેન્દ્ર સરકારે તમામ રાજયોમાં આ કામગીરી કરવા નિર્ણય લીધો છે. જે રાજયો આગામી વર્ષ સુધીમાં જઈ




રહ્યા છે તેને પ્રાથમીકતા અપાશે તો બાકીના રાજયોમાં પણ આ કવાયત કરાશે. જેમાં ગુજરાતને પ્રથમ પસંદગી આપવામાં આવી છે અને તે માટેની તૈયારી પણ શરૂ થઈ ગઈ છે.

હવે ગુજરાતમાં મતદાર યાદીની પુરી રીતે પુનઃ સમીક્ષા ખાસ કરીને રાજયમાં જે રીતે લાંબા સમયથી આ પ્રકારની સ્કુટીની થઈ નથી તેથી તે રસપ્રદ સ્થિતિ સર્જશે તેવા સંકેત છે. જેમાં જેઓના નામ છે તેઓ જે તે સ્થળે જ વસે છે કે અન્યત્ર ટ્રાન્સફર થયા છે, હયાત છે કે કેમ, અને જે નવા નામ એક કટ-ઓફ-ડેટ બાદ ઉમેરાયા છે.

તેઓ ખરેખર મતદાર બનવા યોગ્ય છે કે કેમ તે તમામ ચકાસણી થશે. આ ઉપરાંત જેઓ ગુજરાત છોડી ગયા હોય તો તેમના નામ કમી થશે. ગુજરાતમાં છેલ્લી સ્થિતિ મુજબ ૪.૯ કરોડ મતદારો છે. ચુંટણીપંચે બિહારમાં જેમ આ કવાયત સામે પ્રશ્નો ઉઠયા તે ગુજરાત કે અન્ય રાજયોમાં સર્જાય નહી તે હેતુથી વધુ સમય મર્યાદા સાથે આ કામગીરી કરવા નિર્ણય લીધો છે.

જેથી કોઈને ફરિયાદની તક રહેશે નહી. ગુજરાતમાં હાલમાં જ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાએ નવસારીની ચોર્યાશી વિધાનસભા બેઠકમાં ૩૦૦૦૦થી વધુ બોગસ મતદારો ઉમેરાયા હોવાનો દાવો કરી તેને હ્લવોટ-ચોરી' ગણાવી છે તો રાહુલ ગાંધીએ વોટ-ચોરી મુદે એટમ બોમ્બ ફોડવામાં આવ્યો.

હવે હાઈડ્રોજન બોમ્બ ફોડાશે. તેવો દાવો કરીને વિવાદ વધારી દીધો છે. બીજી તરફ રાજયમાં ઓકટો-ડિસેમ્બરમાં મહાપાલિકા-જીલ્લા પંચાયતોની ચુંટણીમાં પણ યોજાવાની છે. જો કે તે હાલની થોડા રૂટીન ફેરફાર સાથેની મતદાર યાદી સાથે જ યોજાશે તેવો સંકેત છે.

## આયોજન સ્થળે એચડી સીસીટીવી તથા ઓછામાં ઓછો એક વોચ ટાવર ફરજીયાત

# નવરાત્રિ ૨૦૨૫ : ગરબા મહોત્સવમાં મોરલ પોલીસીંગ નહી, સલામતીને પ્રાધાન્ય

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨

ગુજરાતમાં હવે ગણેશોત્સવ એ અંતિમ તબકકામાં છે અને ત્યારબાદ તા.૨૨ સપ્ટેમ્બરથી જે નવરાત્રી મહોત્સવ તા.૧ ઓકટોબર સુધી ચાલનાર છે તો ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ તથા પરંપરા-ધાર્મિક મહત્વ સાથે યોજાતા નવરાત્રી મહોત્સવમાં રાજયભરમાં શાંતિ-સલામતી અને કૌમી એખલાસ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસે તૈયારી શરૂ કરી દીધી છે તથા આયોજકો ઉપરાંત ખેલૈયાઓ માટે પણ ખાસ એડવાઈઝરી તૈયાર કરી છે.જેનો અમલ કરવો ફરજીયાત રહેશે અને અમલ થાય તે પણ પોલીસ નિશ્ચિત કરશે. ખાસ કરીને ગરબા મહોત્સવમાં જે અર્વાચીન દાંડીયા રાસ છે તેમાં જબરી ભીડ સર્જાય છે. નવ દિવસ પુર્વેજ પ્રી-નવરાત્રી અને પછી છેક શરદપૂનમ સુધી આ પ્રકારના આયોજનો થતા રહે છે.

ગુજરાત પોલીસે એ સુનિશ્ચિત કર્યુ છે કે આ પ્રકારના આયોજનોમાં કોઈ મોરલ-પોલીસીંગ એટલે કે કોઈ સંગઠનો કે જૂથને નૈતિકતા મુદે કાયદો-વ્યવસ્થા હાથમાં લેવાની છુટ અપાશે નહી. આ પ્રકારના આયોજનોમાં જે રીતે વિધર્મી અંગે હાકલા પડકારા થઈ રહ્યા છે. તે સ્વીકાર્ય બનશે નહી. સમગ્ર તહેવારો શાંતિ-સલામતી અને કૌમી-સામાજીક એખલાસથી સંપન્ન થાય તે પોલીસ જોશે અને આયોજકોએ તેમાં સાથ આપવાનો રહેશે.પોલીસે જે માર્ગરેખા નિશ્ચિત કરી છે તેમાં ડ્રેસ-કોડ કોઈ મુદો નથી પણ ખેલૈયાઓ-પ્રેક્ષકો જેઓ આ



પ્રકારના આયોજનમાં જોડાયા હોય તેઓને પારદર્શક કે ઉતેજક વો નહી પહેરવા અને ધાર્મિક-તહેવારોની મર્યાદા જળવાઈ રહે તે જોવા ખાસ સલાહ આપી છે.

આ ઉપરાંત ગરબા મહોત્સવમાં કોઈ રાજકીય કે તેવી ઉશ્કેરાટ જેવી પ્રવૃતિ સ્વીકાર્ય બનશે નહી. ખાસ કરીને સામાજીક એખલાસ ને હાની કરે લોકોની લાગણી દુભાવે તેવી પ્રવૃતિ સ્વીકાર્ય બનશે નહી. કોઈ ઉશ્કેરણીજનક ભાષણો પણ થઈ શકશે નહી કે તેવા પોષ્ટર-બેનર પણ લગાવી શકાશે નહી.આ ઉપરાંત આયોજકોએ સ્થળ પર પુરુષ-સ્ત્રીઓ માટે મેટલ ડિરેકટર સાથેના અલગ એન્ટ્રી પોઈન્ટ ફરજીયાત છે. દરેક એન્ટ્રી પોઈન્ટ પર સિકયોરિટી ગાર્ડ ફરજીયાત છે. આ ઉપરાંત આયોજનોના સ્થળે એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પ્રવેશ તથા બહાર નિકળવાના દ્વાર અલગ અલગ રાખવાના રહેશે અને તે લોકો સરળતાથી બહાર જઈ શકે તે રીતે હોવા જરૂરી છે.આ ઉપરાંત ખાસ માત્રાની સાઉન્ડ સીસ્ટમ જરૂરી હશે અને નવરાત્રીના સમયમાં રાત્રીના ૧૨ વાગ્યા સુધી અને બાકીના સમયમાં ૧૦ વાગ્યા સુધી જ આયોજનો થઈ શકશે. આ ઉપરાંત આયોજન સ્થળે બહાર સલામત પાર્કીંગ તથા બેરીકેડ માર્ગો જરૂરી હશે. આ ઉપરાંત એચ.ડી. સીસીટીવી કેમેરા પણ દરેક સ્થળે ફરજીયાત છે અને આયોજકોએ તેનું રેકોર્ડીંગ રાખી પોલીસ માંગે તે સમયે સુપ્રત કરવાનું રહેશે.

આ ઉપરાંત આયોજનના વાહન નંબર ડ્રાઈવરની માહિતી પણ રાખવી પડશે. આ ઉપરાંત વિજ-સેફટીના જે નિયમો છે તે આપવા ફરજીયાત છે તથા સ્થળ પર જ જરૂરી જાળવણી સ્ટાફ રાખવો પડશે તથા ઈમરજન્સી ગેટ અને મોબાઈલની વ્યવસ્થા પણ ફરજીયાત છે. આ ઉપરાંત આયોજન સ્થળે ઓછામાં ઓછો એક વોચ ટાવર પણ જરૂરી છે.

---

### અનંત નેશનલ યુનિવર્સિટી વિશ્વ કક્ષાનું શિક્ષણ સરળ બનાવવા અને માળખાગત સુવિધાઓ પૂરી પાડવા માટે પ્રતિબધ્ધ : અજય પિરામલ

## અમદાવાદ ખાતે અજય પિરામલના વરદ હસ્તે અનંતના નવા ફેકલ્ટી અને ગ્રેજ્યુએટ હાઉસિંગનું અનાવરણ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨

અનંત નેશનલ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી અજય પિરામલે ૧ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ યુનિવર્સિટીના નેતૃત્વના મુખ્ય સભ્યોની હાજરીમાં અનંતના નવા બિલ્ડીંગ, ફેકલ્ટી અને ગ્રેજ્યુએટ હાઉસિંગનું ઉદ્ઘાટન કર્યું. આ કાર્યક્રમ અનંત કોમ્યુનિટીના સભ્યોને વાઈબ્રન્ટ લિવિંગ એક્સપિરિયન્સ પ્રદાન કરવાની યુનિવર્સિટીની પ્રતિબદ્ધતામાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન છે.



આ પ્રસંગે શ્રી પિરામલે ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ સાથે પણ વાતચીત કરી, તેમને તેમના જુસ્સાને અનુસરવા અને તેમની સર્જનાત્મકતાનો ઉપયોગ વૈશ્વિક અસર માટે ઉકેલો ડિઝાઈન કરવા માટે કરવા પ્રોત્સાહિત કર્યા, જેના માટે અનંત નેશનલ યુનિવર્સિટી તેમને તૈયાર કરે છે. તેમણે કહ્યું, ×ભારત એક યુવા દેશ છે, અને તમે ભવિષ્ય છો. તમે તમારી ડિઝાઈન વિચારસરણીથી ફરક લાવી શકો છો અને એવા ઉકેલો વિકસાવી શકો છો જે ભારત માટે અનોખું અને વૈશ્વિક સ્તરે સુસંગત હોય. અનંત તમને અસરકારક ઉકેલો બનાવવા માટે તે તક અને અવકાશ પ્રદાન કરે છે.પ્રખ્યાત ઋષભ પારેખ ડિઝાઈન સ્ટુડિયો (RPDS) દ્વારા ડિઝાઈન કરાયેલ આ નવી બનેલી સુવિધાનો બિલ્ટ-અપ વિસ્તાર ૨૬,૪૭૫ ચો.મી. છે અને તેમાં કુલ ૧૭૨ એપાર્ટમેન્ટ્સ છે, જેમાં સ્ટુડિયો એપાર્ટમેન્ટ્સ અને ૧, ૨ અને ૩ મ્ઝ્ૐદ્ધ ઘરોનો સમાવેશ થાય છે. તે ખરેખર ઘર જેવું રહેઠાણ છે જે વિગતવાર ધ્યાન અને કાળજી સાથે ડિઝાઈન કરવામાં આવ્યું છે. તે સારી રીતે ડિઝાઈન કરેલી કોમન સ્પેસ, જિમ્નેશિયમ, યોગ રૂમ, કાફે અને વિઝિટર્સ લાઉન્જ જેવી સુવિધાઓ પણ પ્રદાન કરે છે. સલામતી સુનિશ્ચિત કરવા માટે, આ નિવાસસ્થાન બધા કોમન વિસ્તારોમાં CCTV સર્વેલન્સથી સજ્જ છે અને અનંતની સમર્પિત સુરક્ષા ટીમ દ્વારા ચોવીસ કલાક સુરક્ષિત છે.

અનંત હાલમાં મોટા પાયે માળખાગત પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે, જે વિશ્વ કક્ષાનું શિક્ષણ વાતાવરણ બનાવવા માટે ૧.૫ લાખ ચોરસ મીટરથી વધુ વિસ્તારનું વિસ્તરણ કરી રહ્યો છે. અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ આ અત્યાધુનિક શૈક્ષણિક કેન્દ્રો વિદ્યાર્થીઓને ડિઝાઈન અને ટેકનોલોજીમાં નવીનતમ નવીનતાઓ સુધી પહોંચવાની ખાતરી કરશે. આ વિસ્તરણને અનન્ય બનાવતી બાબત એ છે કે તેમાં બી.વી. દોશી/રાજીવ કથપાલિયા, બિમલ પટેલ, રાહુલ મેહરોત્રા, સાસાકી, હાફીઝ કોન્ટ્રાક્ટર, અનિકેત ભાગવત અને વિજય આર્ય સહિત વિશ્વના કેટલાક પ્રખ્યાત આર્કિટેક્ટ્સ સામેલ છે.આ વિસ્તરણ સાથે અનંત નેશનલ યુનિવર્સિટી વિશ્વ કક્ષાનું શિક્ષણ સરળ બનાવવા માટે વિશ્વ કક્ષાનું માળખાગત સુવિધા પૂરી પાડવાની તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે, સાથે સાથે ડિઝાઈન-આધારિત નવીનતા અને શ્રેષ્ઠતા દ્વારા વિકાસ ભારતના મિશનમાં પણ યોગદાન આપે છે.

---

### રાજયની ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોને જૂની પેન્શન યોજનામાં સમાવવા અંતે કાર્યવાહી

## શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૭ ઓકટો. સુધી દરેક જિલ્લાના વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં શિક્ષકો માટે ખાસ કેમ્પનું આયોજન

ગાંધીનગર તા.૨

રાજયભરની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ ૨૮ ઓગસ્ટથી શરૂ થઈ ગયેલા આ કેમ્પ ૧૭મી ઓકટોબર સુધી તબક્કાવાર ચાલશે. રાજયના તમામ જિલ્લાઓમાંથી શિક્ષકોને આ કેમ્પમાં આવવા માટે અપીલ કરવામાં આવી છે, જેથી તેઓ સમયસર અને સરળતાથી પોતાના પેન્શનના લાભમાં શામેલ થઈ શકે.



રાજ્ય સરકારે જૂની પેન્શન યોજનામાં સમાવિષ્ટ શિક્ષકોને લાભ આપવા માટે અગાઉ અરજીઓ મંગાવી હતી. આ અરજીઓના આધારે શિક્ષકોની સેવાના રેકોર્ડનો સંપૂર્ણ અભ્યાસ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાજયના શિક્ષણ વિભાગે નાણાં વિભાગની સહાય લઈને તમામ વિગતો તપાસી અને યોગ્યતા ધરાવતા શિક્ષકોને જૂની પેન્શન યોજનામાં સમાવિષ્ટ કરવાની કામગીરી શરૂ કરી છે. કેમ્પમાં રાજયના દરેક જિલ્લામાંથી શિક્ષકોને આવકારવામાં આવી રહ્યા છે. જેમાં જામનગર અને ડાંગ જિલ્લાઓમાં કેમ્પ ગુરુવારથી શરૂ થયો છે. નાના જિલ્લાઓમાં જ્યાં શિક્ષકોની સંખ્યા ઓછી છે, તેવા જિલ્લામાં બે-બે જિલ્લાનો તબક્કો રાખવામાં આવ્યો છે, જ્યારે મોટા જિલ્લાઓમાં રોજ એક જ જિલ્લાનો કેમ્પ યોજવામાં આવ્યો છે. આ વ્યવસ્થા દ્વારા તમામ શિક્ષકોની અરજી પ્રક્રિયા સરળ અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવાની યોજના છે.જૂની પેન્શન યોજના હેઠળ સમાવિષ્ટ શિક્ષકોને તેમના નિવૃત્તિ પછી પેન્શનની નિયમિત ચુકવણી અને અન્ય લાભો મળી શકે છે. આ યોજનામાં સામેલ થવાથી શિક્ષકોના ભવિષ્યની નાણાકીય સુરક્ષા સુનિશ્ચિત થાય છે. રાજ્યના શિક્ષણ વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે કે, આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોને ઓછામાં ઓછા સમયમાં અને કોઈ મુશ્કેલી વિના આ લાભમાં શામેલ કરવાનો છે.

ઉલ્લેખનીય છે કે, કેમ્પમાં આવનારા શિક્ષકોની નોંધણી, સેવાકાળની પુષ્ટિ અને અન્ય દસ્તાવેજોની ચકાસણી બાદ તેમને જૂની પેન્શન યોજનામાં સામેલ કરવામાં આવશે. રાજ્યના અધિકારીઓએ જણાવ્યું છે કે, અરજીઓ સમયસર ન ભેગી કરનારા અથવા દસ્તાવેજ પૂરા ન કરવાવાળા શિક્ષકોને આગામી તબક્કામાં અનુકૂળ માર્ગદર્શન આપવામાં આવશે.


પશ્ચિમ રેલ્વે-વડોદરા વિભાગ

કોરિજેન્ડમ

ટેન્ડર નં. DRM BRC 112 ઓફ 2025-26 માં પેટા: શુદ્ધિપત્ર, ટેન્ડર નં. માટે શુદ્ધિપત્ર સૂચના આથી જારી કરવામાં આવે છે.

DRM-BRC-112-OF-2025-26.

(i) કાર્યનું નામ પાલેજ-પાનોલી વિભાગ તરીકે પ્રકાશિત થયું હતું:- ઓટોમેટિક સિગ્નલિંગ વિભાગમાં ડ્યુઅલ એક્સલ કાઉન્ટર્સ દ્વારા AFTCનું બાંધકામ જેમાં ઇલેક્ટ્રિકલ કાર્યનો સમાવેશ થાય છે પરંતુ તે જ રીતે વડોદરા વિભાગ તરીકે વાંચી શકાય છે:- MSDAC કાર્યના સંદર્ભમાં પાલેજ-પાનોલી વિભાગમાં ઇલેક્ટ્રિકલ કાર્ય સહિત ઓટો હટનું બાંધકામ.

(ii) ઉપરોક્ત ટેન્ડરમાં અગાઉ અપલોડ કરાયેલા ટેન્ડર દસ્તાવેજને દૂર કરવામાં આવ્યા છે અને સુધારેલા ટેન્ડર દસ્તાવેજ સાથે બદલવામાં આવ્યા છે, જે હવે IREPS પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યા છે.

અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે.

BRC161

facebook.com/WesternRly twitter.com/WesternRly


---

## જીવન એવું સાદું પવિત્ર ગાળો કે કામને મન-બુદ્ધિમાં પ્રવેશ કરવાનો અવસર જ ન મળે

બોલ માડી અંબે જય જય અંબે જય ભવાની જય અંબેના જયઘોષથી વાતાવરણ એકદમ ભક્તિ શક્તિમય બન્યું છે.માં શક્તિ ભવાની અંબે માતને નવલાં નોરતાંની રમઝટ બોલાવવા પોતાને ત્યાં પધારવાનું આમંત્રણ આપવા માટે ભાવિક ભક્તો પદયાત્રીરૂપે માત અંબેના ધામ અંબાજી તરફ જઈ રહ્યા છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો ઠાકોરજીને ઉત્તમમાં ઉત્તમ વસ્તુ અર્પણ કરવી જોઈએ.એનું નામ ભક્તિ.ભગવાનને પુણ્ય અર્પણ કરવાં જોઈએ.માંડવ્યઋષિએ યમરાજાને કહ્યું, શાસ્ત્રમાં એવી આજ્ઞા છે કે, કોઈ મનુષ્ય અજ્ઞાનાવસ્થામાં કાંઈ પાપ કરે તો તેની સજા તેને સ્વપ્નમાં કરવામાં આવે છે. હું બાળક હતો ત્યારે અજ્ઞાન હતોએટલે તે વખતે કરેલાં કૃત્યની સજા તમારે મને સ્વપ્નાવસ્થામાં જ કરવી જોઈતી હતી. માટે તમે મને ગેરવ્યાજબીપણે સજા કરી છે, તેથી હું તમને શ્રાપ આપું છું કે,જા,શૂદ્રયોનિમાં તમારો જન્મ થશે.



યશપાલસિંહ ટી.વાઘેલા

દરબાર ગઢ થરા



આ પ્રમાણેના માંડવ્યઋષિના શ્રાપથી યમરાજા વિદુર તરીકે દાસીને ઘરે જન્મ્યા.

દેવની ભૂલ થાય તો તે મનુષ્ય બને અને મનુષ્યની ભૂલ થાય,મનુષ્ય પાપ કરે તો ચાર પગવાળો બને છે,પશુ બને છે.

વિદુરજી કહે છે કે,એકવાર મારી ભૂલ થઈ તો દેવનો મનુષ્ય બન્યો. હવે હું અસાવધ રહીશ તો પશુ બનીશ.

તે પછી વિદુરજી મૈત્રેયજીને કેટલાંક પ્રશ્નો પૂછે છેઃ ભગવાન અકર્તા હોવા છતાં કલ્પનાના આરંભમાં આ સૃષ્ટિની રચના તેમણે કેવી રીતે કરી? સંસારમાં સર્વલોક સુખ માટે પ્રયત્ન કરે છે. પણ ન તો એને સુખ મળે છે કે ન તો એનું દુઃખ દૂર થાય છે. આનો જવાબ મળે એવી કથા કહો તેમજ ભગવાનની લીલાઓનું વર્ણન કરો.

મૈત્રેયજીએ કહ્યું,સૃષ્ટિની ઉત્પત્તિ ની કથા ભાગવતમાં વારંવારઆવે છે.તત્ત્વ દષ્ટિથી જગત ખોટું છે. તેથી તેનો વિચાર સાધુઓએ બહુ કર્યો નથીપણ આ સૃષ્ટિના બનાવ નારનો વારંવાર વિચાર કર્યો છે.

પરમાત્માને માયાનો સ્પર્શ થયો એટલે સંકલ્પ થયો,હું એકનો અનેક થાઉં,પુરુષમાંથી પ્રકૃતિ, પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ,મહત્તત્ત્વમાં થી અહંકાર.અહંકારના ચારપ્રકાર છે.પંચતન્માત્રાથી પાંચ મહાભૂતો ની ઉત્પત્તિ થઈ પણ એ તત્ત્વો ક્રિયા કરી શકતાં નથી એટલે ઈશ્વરે એક-એક વસ્તુમાં પ્રવેશ કર્યો.ઉપનિષદ્માં કહ્યું છે, એક- એક વસ્તુમાં પ્રભુએ પ્રવેશ કર્યો છેએટલે જગત પરમાત્માનું મંગલ મય સ્વરૂપ છે.ભગવાનની નાભિ માંથી કમળ ઉત્પન્ન થયું. તેમાંથી બ્રહ્મા પ્રગટ્યા બ્રહ્માજીએ કમળનું મુખ શોધવા પ્રયત્ન કર્યો.ત્યાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં.

સંતતિ અને સંપત્તિએ ભાગવત કૃપાનું ફળ નથી, તે તો પ્રારબ્ધનું ફળ છે. ભગવાન જેના ઉપર કૃપા કરે છે તેનું મન શુદ્ધ થાય છે.મન શુદ્ધિ વગર ઈશ્વર દર્શન થતું નથી. ઈશ્વર દર્શન વિના જીવન સફળ થતું નથી.પછી બ્રહ્માજીએ સૃષ્ટિ નિર્માણ કરી.

પ્રથમ સ્વયંભુ મનુ અને શતરૂપા રાણી થયાં.તે વખતે ધરતી રસા તળમાં ડૂબી ગઈ હતી. બ્રહ્માએ વિચાર્યુંકે પ્રજાનું નિર્માણ કરીશ, પણ પ્રજાને રાખીશ ક્યાં?ત્યાં નાસિકામાંથી વરાહ ભગવાન પ્રગટ થયા. વરાહ ભગવાન પૃથ્વી બહાર કાઢેછે.રસ્તામાં હિરણ્યાક્ષ મળ્યો,તેને માર્યો અને પૃથ્વીનું રાજ્ય મનુ મહારાજને અર્પણ કરી ભગવાન સ્વધામમાં પધાર્યા.

વિદુરજીએ કહ્યું,આપે બહુ સંક્ષેપ માં કથા સંભળાવી. હવે આ કથા નું રહસ્ય કહો.આ હિરણ્યાક્ષ કોણ હતો?ધરતી રસા તળમાં કેમ ડૂબી હતી?વરાહ નારાયણનું ચરિત્ર મને સંભળાવો.

મૈત્રેયજી વિદુરજી અને શુકદેવજી પરીક્ષિતને આ કથા સંભળાવે છે.

કશ્યપઋષિનાં ધર્મપત્ની દિતિ એક દિવસ સાયંકાળે શણગાર સજી કશ્યપઋષિ પાસે આવ્યાં. કશ્યપ કહે છે, દેવી,આ સાયં કાળનો સમય છે.મન સંયમમાં રાખો.શાસ્ત્રમાં કહ્યું છે કે, સૌભાગ્યવતી સ્ત્રીમાં લક્ષ્મીનો અંશ છે,સાયંકાળે લક્ષ્મીનારાયણ ઘરે આવે છે તે વખતે ઘર બંધ હશે તો લક્ષ્મી જી પણ જય શ્રીકૃષ્ણ કહીને ચાલ્યા જશે.સુધરેલા લોકો સાયં કાળે ઘરને તાળું મારીનીકળી પડે છે. ફરવા જવું હોય તો જજો પણ સૂર્ય અસ્તમાંઆવે ત્યારે ઘરે પાછા આવી જજો. સ્ત્રીઓએ સાંજ પડે ત્યારે ઘર બહાર ભટકવા જવું ન જોઈએ.સંધ્યા સમયે તુલસીની પૂજા કરો. તુલસી ક્યારે દીવો કરો;ભગવાનની આગળ ધૂપ-દીપ કરો.

મનુષ્યના હૈયામાં અંધારું છે ત્યાં પ્રકાશ કરવાનો છે.ગોપીઓ યશોદાજીને ફરિયાદ કરે છે,કનૈયો અમારું માખણ ખાઈ જાય છે. યશોદા કહે,તમે અંધારામાંમાખણ રાખો તો કનૈયો દેખે નહીં. ગોપીઓ કહે, અમે અંધારામાં માખણ રાખ્યું હતું, પણ કનૈયો આવે તો અજવાળું થાય છે. ઈશ્વર પરપ્રકાશ નથી,તે સ્વયં પ્રકાશ છે.પરમાત્માને દીવાની જરૂર નથી.દીવાની જરૂર મનુષ્યને છે.

સાયંકાળે સૂર્ય-ચંદ્રના તેજ દુર્બળ બને છે. સૂર્ય બુદ્ધિના માલિક અને ચંદ્ર મનના માલિક છે.મન બુદ્ધિના માલિક દુર્બળ હોય છે એટલે સાયંકાળે મન બુદ્ધિનાં બળ ઓછાં હોય છે, ત્યારે કામ મન બુદ્ધિમાં પ્રવેશ કરે છે.માટે સંધ્યા કાળે પ્રભુના નામનો જપ કરો.

કશ્યપઋષિ દિતિને સમજાવે છે. આ શરીર ભસ્મ જેવું છે,તેની ભસ્મ બનવાની છે,એટલે શિવજી ભસ્મ ધારણ કરે છે,જગતને વૈરાગ્યનો બોધ કરે છે.આ શરીર એક દિવસ સ્મશાનમાં જવાનું છે તે હંમેશ યાદ રાખો. ગૃહસ્થાશ્રમ વિલાસ માટે નથી, વૈરાગ્ય માટે છે.નિયમ અને કામ નો વિનાશ કરવો તે ગૃહસ્થાશ્રમ છે.કામ એવો દુષ્ટ છે કે,એકવાર હૃદયમાં પ્રવેશ કર્યા પછી તે નીકળતો નથી. કામ એક વખત અંદર પ્રવેશ કરી જાય પછી તમારું ડહાપણ ચાલશે નહીં. માટે જીવન એવું સાદું પવિત્ર ગાળો કે કામને મન-બુદ્ધિમાં પ્રવેશ કરવાનો અવસર જ ન મળે.

એક વાર ઘુવડોની સભા ભરાઈ. સભાએ સર્વાનુમતે ઠરાવ કર્યો કે, સૂર્યનારાયણ છે જ નહીં કારણ તે અમને દેખાતા નથી. ઘુવડને સૂર્ય ન દેખાય એટલે શું સૂર્ય નથી? ધર્મને ન માનનાર,ઈશ્વરને ન માનનાર ઘુવડના મોટાભાઈ કહેવાય.

દિતિને કશ્યપે કહ્યું, તમારા પેટે બે રાક્ષસો જન્મશે.પતિ-પત્ની સંયમ ન રાખે તો તેને ત્યાં પાપી પ્રજા ઉત્પન્ન થાય છે.પવિત્ર દિવસ જેવા કે દરેક પક્ષની બીજ,પાંચમ આઠમ,એકાદશી, ચૌદસ,પૂર્ણિમા અને અમાવાસ્યા તેમજ પર્વના દિવસોએ બ્રહ્મચર્ય અવશ્ય પાળો લોકો કહે છે કે કાળ બગડયો છે એટલે પાપી પ્રજા ઉત્પન્ન થાય છે. કાળ થોડો બગડ્યો છે,પણ કાળજું વિશેષ બગડ્યું છે. મનુષ્ય જો કેવળ આ શરીરનો વિચાર કરે તો શરીરસુખ તરફ ધિક્કાર છૂટે અને વૈરાગ્ય આવે. આ શરીર કેવું છે?એમાં આડાંઅવળાં હાડકાં ગોઠવી દીધેલાં છે. તેના ઉપર માંસના લોચા અને ઉપર ચામડી મઢી દીધેલી છે.એટલે અંદરનો મસાલો દેખાતો નથી. રસ્તામાં હાડકાંનો ટુકડો પડયો હોય તો કોઈ તેને અડકતું નથી, પણ આ દેહમાં રહેલાં હાડકાં સાથેઆપણે પ્રેમ કરીએ છીએ. આના જેવી મૂર્ખતા બીજી કઈ હોઈ શકે?ભાગવતમાં તો એક જગ્યા એ કહ્યું છે,આ શરીરએ શિયાળ-કૂતરાનું ભોજન છે.અગ્નિસંસ્કાર ન થાય તો શિયાળ-કૂતરા તેને ખાય છે એવા શરીર ઉપરનો મોહ છોડો.

મારા પેટે રાક્ષસો અવતરશે તેમ જાણી દિતિ ગભરાઈ.પછી કશ્યપ કહે છે પરંતુ તેને મારવા નારાયણ ભગવાન આવશે અને તારા પુત્ર નો પુત્ર મહાન ભાગવત્ ભક્ત થશે,મહાન વૈષ્ણવ થશે,તે પ્રહલાદના નામથી પ્રખ્યાત થશે

એકલા ઠાકોરજીની સેવા-સ્મરણ કરે તે સાધારણ વૈષ્ણવ,પરંતુ જેના સંગથી બીજાને ઈશ્વર સેવા સ્મરણ કરવાની ઈચ્છા થાય એ મહાન વૈષ્ણવ.મહાપ્રભુ વલ્લભા ચાર્યજીને ભક્તોએ એકવાર પૂછ્યું કે,અમને વૈષ્ણવોનું લક્ષણ કહો.મહાપ્રભુજીએ કહ્યું કે, ઠાકોરજીની સેવા-સ્મરણ કરે તે વૈષ્ણવ.ભક્તોએ કહ્યું,તે તો અમે જાણીએ છીએ.અમને કાંઈક બીજું વિશેષ લક્ષણ કહો. મહાપ્રભુજીએ કહ્યું કે,જેના સંગમાં આવેલાને ઠાકોરજીની સેવામાં પ્રેમ થાય, જેના સંગમાં આવેલાને શ્રીકૃષ્ણભક્તિનો રંગ લાગે એ મહાન વૈષ્ણવ. પ્રહલાદ એવો મહાન વૈષ્ણવ છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત,ભાદરવી પૂનમનો પદયાત્રીકોનો મેળો ધીમે ધીમે જામતો જાય છે સેવાભાવી સંસ્થાઓ લોકો ઉત્સાહભેર તેમનો જુસ્સો વધારવા નિમિત્ત બની રહયા છે ત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાન સાથે હદય મનને આનંદ મળે તેવો કાગળ કલમ થકી પ્રયત્ન કરી રહયા છીએ તો આજે આપણે અહીં જ અટકીએ અસ્તુ.

### 'આસ્થા તમારી વ્યવસ્થા અમારી' મંત્ર સાથે સરકારનો સરાહનીય સેવા અભિગમ એટલે વિશ્રામની વ્યવસ્થા

# ટોઇલેટ, પીવાનું શુધ્ધ પાણી, ગરમ પાણી, પથારી, આરોગ્ય સુવિધા, મોબાઇલ ચાર્જીંગની સુવિધા સાથે સ્વચ્છતા અને યાત્રિકોની સુરક્ષાની ખાસ કાળજી

(ગરવી તાકાત) પાલનપુર તા.૨

ભાદરવી પૂનમના મેળામાં અંબાજી આવતા યાત્રિકોને સુખ અને સુવિધા મળી રહે તે માટે વહીટીતંત્ર કટિબધ્ધ બન્યુ છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા મા જગદંબાના દર્શને આવતા યાત્રાળુઓની સુખ અને સુવિધા માટે વિવિધ સ્થળોએ વિશાળ વોટર પ્રૂફ વિશ્રામ સ્થળની સુંદર વ્યવસ્થા ઉભી કરાઈ છે.

પવિત્ર યાત્રાધામ અંબાજીમાં શ્રધ્ધાળુઓ માટે રાજ્ય સરકારના યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિસામા માટે ૪ ડોમની વ્યવસ્થા કરાઈ છે. જેમાં આ ડોમમાં પ્રત્યેક યાત્રાળુઓના રજિસ્ટ્રેશન સહિતની અનોખી વ્યવસ્થા કરાઇ છે. ચાર વિશાળ ડોમમાં ટોઈલેટ, પીવાનું શુધ્ધ પાણી, ગરમ પાણી, પથારી, આરોગ્ય સુવિધા, મોબાઈલ ચાર્જીંગની સુવિધા સાથે પ્રત્યેક વિશ્રામ સ્થળમાં સ્વચ્છતા અને યાત્રિકોની સુરક્ષાનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

વિશ્રામ ડોમમાં યાત્રાળુઓ માટે બેડની સુવિધા, શૌચાલય, સીસી ટીવી કેમેરા, મોબાઈલ ચાર્જીંગની વ્યવસ્થા, હાઉસકીંપીગની સર્વિસ, સાઈનેઝીસ, ફ્લોર કાર્પેટ, ફ્લેગ પોલ, પીવાના પાણીની વ્યવસ્થા, ઈલેક્ટ્રીશિયની વ્યવસ્થા અને અગ્નિશામક સાધનો તેમજ પ્લાસ્ટિક ક્સર સહિતની તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ બનાવાઈ છે.

યાત્રિકો માટે રહેઠાણ, પાણી, ખોરાક, આરોગ્ય સહિતની તમામ સેવાઓનું વિશેષ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. જે માટે તેમણે સરકારનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો.



**કાયમી યાત્રિક શેડની માહિતી**

(૧) ટીંબાચુડી (છાપીથી મગરવાડા માર્ગ પર) (૨) ભાગળપીપળી (પાલનપુરથી ધાણધા માર્ગ પર) (૩) જલોત્રા (પાલનપુર- અંબાજી માર્ગ પર) (૪) મેરવાડા (પાલનપુર-અંબાજી માર્ગ પર) (૫) ભાલુસણા (સિધ્ધપુર-અંબાજી માર્ગ પર) (૬) આંબાઘાટા (સતલાસણા-અંબાજી માર્ગ પર) (૭) નવાવાસ (સતલાસણા-અંબાજી માર્ગ પર ) (૮) દાંતા મુકામે પી.ડબલ્યુ.ડી.ના વિશ્રામગૃહ પાસે (દાંતાથી અંબાજી માર્ગ પર) (૯) વસી રપટ (દાંતાથી અંબાજી માર્ગ પર) (૧૦) ત્રિશુળીયા ઘાટ મંદિરની બંને બાજુ (દાંતાથી અંબાજી માર્ગ પર) (૧૧) બાવળકાંઠીયા (ખેડબ્રહ્માથી અંબાજી માર્ગ પર) (૧૨) માંકણચંપા મુકામે(ખેડબ્રહ્માથી અંબાજી માર્ગ પર) (૧૩) આપેશ્વર મહાદેવ મંદિર સામે (અંબાજીથી ગબ્બર માર્ગ પર)

**મેળા દરમિયાન યાત્રિકો માટે હંગામી વિશ્રામ સ્થળ**

અંબાજીથી હડાદ રોડ ઉપરઃ (૧) કામાક્ષી મંદિર સંકુલ અંદર (૨) કામાક્ષી મંદિરની બહાર (૩) કામાક્ષી સામે ભા. પૂ. મેળા ઓફિસની બાજુમાં પ્રાઇવેટ પ્લોટમાં (૪) અંબાજીથી ૧૩ કી.મી દૂર (રાણપુર ઘાટી) (૫) હડાદ પોલીસ સ્ટેશનની આગળ તથા બાજુમાં (૬) ડી. કે. ત્રિવેદી બંગલાની સામે અંબાજીથી દાંતા રોડ ઉપર?: (૧) વ્યંકટેશ માર્બલની બાજુમાં (૨) મીનરલ વોટર પ્લાન્ટની આગળ (પાન્છા) (૩) આદર્શ નિવાસી શાળા, દાંતા

અંબાજી ગામમાં હંગામી વિસામાઃ (૧) પોલીસ સ્ટેશનની બાજુમાં જૂની કોલેજના મેદાનમાં (૨) અંબિકા ભોજનાલયના આગળના ભાગમાં (૩) શક્તિદ્વારની સામે જન સુવિધા સંકુલની બાજુમાં (૪) બસ સ્ટેશનની અંદર મલ્ટી-પરપઝ ડોમ (૫) દિવાળીબા ગુરુભવનની બાજુમાં (૬) હરણેશ્વર મંદિરની બાજુમાં ૫૧ શક્તિપીઠ સર્કલ

અંબાજીથી ગબ્બર રોડ હંગામી વિસામાઃ (૧) ગબ્બર ચઢવાના પગથિયાની બાજુમા પાર્કિંગ નં-૧ (૨) ) વનકવચ (ફોરેસ્ટ) ની આગળ (૩) આપેશ્વર મહાદેવ મંદિરની સામે

## વિશ્વ પ્રસિદ્ધ અંબાજી મેળામાં કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન



(ગરવી તાકાત) પાલનપુર તા.૨

વિકસિત ભારતના અમૃત કાળ અંતર્ગત સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૧ વર્ષની સિદ્ધિઓને ઉજાગર કરવા ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા અંબાજી ભાદરવી પૂનમ મહામેળામાં ભવ્ય મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રદર્શનનું ઉદ્ઘાટન બનાસકાંઠા જિલ્લાના કલેક્ટરશ્રી મિહિર પટેલ દ્વારા તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ કરવામાં આવશે.

આ પ્રદર્શનમાં ભારત સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ તથા અભિયાનો અંગે જનતાને સરળ અને આકર્ષક રીતે માહિતી તથા માર્ગદર્શન મળશે. પ્રદર્શન દરમિયાન ઓગમેન્ટેડ રિયાલિટી, વર્ચ્યુઅલ રિયાલિટી, ડિજિટલ આકર્ષણો, નાટ્ય પ્રસ્તુતિ, આકર્ષક રમતો તેમજ વિવિધ વિભાગોના માહિતીપ્રદ સ્ટોલ્સ દ્વારા યોજનાઓની માહિતીસભર રજૂઆત કરવામાં આવશે.કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુરના અધિકારી શ્રી જે. ડી. ચૌધરીએ જણાવ્યું કે, આ પ્રદર્શન ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી ચાલુ રહેશે. જેમાં સ્વચ્છ ભારત અભિયાન, પોષણ અભિયાન, યોગ ઉત્સવ, ડિજિટલ ઈન્ડિયા, ફિટ ઈન્ડિયા, એક પેડ મા કે નામ જેવા કાર્યક્રમો ઉપરાંત ભારત સરકારની ફ્લેગશિપ યોજનાઓ અંતર્ગત સ્પર્ધાઓ, મનોરંજક કાર્યક્રમો અને મલ્ટીમીડિયા પ્રવૃત્તિઓનું આયોજન જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી કરવામાં આવશે.

### પી એન માળી ફાઉન્ડેશન તરફથી અંબાજી પગપાળા યાત્રીકો માટે સેવા કેમ્પ ખુલ્લો મુકાયો

# ગુજરાત પ્રદેશ કારોબારીના મહામંત્રી રજનીભાઈ પટેલના હસ્તે યાત્રિકો માટે સેવા કેમ ખુલ્લો મુકવામાં આવ્યો

(ગરવી તાકાત) ડીસા તા.૨

માં અંબા માં દેશ-વિદેશમાં રહેતા તેમજ ગુજરાતમાં ભક્તોમાં આસ્થા અને વિશ્વાસ વર્ષોથી અડગ અને અવિરત પણે વહી રહ્યો છે ત્યારે સેવા ભાવિ સંસ્થાઓ દ્વારા પણ માં અંબાના દ્વારે આવતા ભાદરવી પૂનમના મેળા સમય તેમની સેવા કરવાનો લાભો કોઈપણ સંજોગોમાં ઉઠાવી લઈ અવસર ચૂકવા માંગતા નથી આવું જ એક સુંદર ઉદાહરણ બનાસકાંઠા જિલ્લાના ભામાશા પી એન માળી તરફથી સતત બીજા વર્ષે પણ માં અંબાના દર્શને આવતા પગપાળા યાત્રિકો માટે ભોજન રહેવાની મેડિકલ સુવિધાઓ તેમજ અન્ય સુવિધાઓ સાથે ભવ્ય સેવા કેમ્પનું આજે ગુજરાતના પૂર્વ મંત્રી અને હાલ પ્રદેશ કારોબારીના મહામંત્રી રજનીભાઈ પટેલના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો... ભાદરવી પૂનમના મેળા વખતે દૂર દૂરથી લાખોની સંખ્યામાં ભક્તો માં અંબાના દર્શને પગપાળા તેમજ સંઘ







લઈ આવતા હોય છે.. અને તેમની સેવા કરવા માટે દાતાઓ અને ભામાશાઓ તરફથી તેમને આવકારવા અને તેમની સેવા કરવા સેવા કેમ્પ થકી અવસર પ્રાપ્ત કરે છે આવો જ સેવા કેમ જલોત્રા થી આગળ આવેલ ધોરી પાસે પી એન માળી ફાઉન્ડેશન દ્વારા બનાવવામાં આવે છે... આજે આ સેવા કેમ્પને ખુલ્લો મુકતા સમય બનાસકાંઠા કલેક્ટર શ્રી મિહિર પટેલ બનાસકાંઠા પોલીસ અધિક્ષક પ્રશાંત સુબે ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી કનુભાઈ વ્યાસ કેલાશભાઈ ગેલોત નંદાજી ઠાકોર તેમજ ભારતીય જનતા પાર્ટીના હજારોની સંખ્યામાં કાર્યકરો ભક્તો અને જે આ સેવા કેમ થકી સતત ચાર દિવસ દિવસ રાત ભક્તોની સેવા કરવાના છે એવા સેવાભાવી લોકો હાજર રહ્યા હતા સેવા કેમ્પને ખુલ્લો મુકતા રજનીકાંતભાઈ પટેલે જણાવ્યું હતું તે માં અંબા પી એન માળીને સ્વસ્થ રાખે અને આવનાર સમયમાં ખૂબ પ્રગતિ કરે અને તેમની સેવા થકી ગુજરાત ભરમાં નામ રોશન થાય એવી શુભેચ્છાઓ પણ પાઠવી હતી ત્યારે આ પ્રસંગે બનાસકાંઠા કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું હતું કે પી એન માળી ફાઉન્ડેશન દ્વારા લાખોની સંખ્યામાં ભક્તોની સેવા કરીને એક સુંદર વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે આ કાર્ય માટે તેમને પીએન માળીને શુભેચ્છા પાઠવી હતી તેમજ અંબાજી પગપાળા આવતા ભક્તોને બનાસકાંઠા વહીવટી તંત્ર દ્વારા કોઈપણ ભક્તને કોઈ જાતની તકલીફ ના પડે એવી સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે અને જ્યાં પણ જરૂર પડે ત્યાં ભક્ત વહીવટી તંત્ર દ્વારા હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કરી ૨૪ કલાક ઉપયોગ કરી શકે છે.

બનાસકાંઠા પોલીસ અધિક્ષકે જણાવ્યું કે પોલીસ તંત્ર દ્વારા આ વખતે ફોર્સ નહીં પણ ફેસીલીટી સાથે આવનાર ભક્તોને સેવા આપવામાં આવશે તેમજ તેમની વિશિષ્ટ કાળજી રાખવામાં આવશે ત્યારે જે ફાઉન્ડેશન તરફથી ભવ્ય સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ભામાશા પી એન માળીએ જણાવ્યું હતું કે તેમની સેવા ભાવિ ટીમ આવનાર ભક્તોને આવકારવા તેમની સેવા કરવા કોઈ પણ નાત જાતના ભેદભાવ વગર ખડે પગે તૈયાર અને સતત ચાર દિવસ ૨૪ કલાક ભક્તોને તમામ સુવિધાઓ આપવામાં આવશે.

### જિલ્લા કલેક્ટર મિહિર પટેલના હસ્તે "આદ્યશક્તિના આંગણે... અનેરો અવસર" પુસ્તકનું વિમોચન કરાયું

# પુસ્તકમાં લેખક લાભુ દેસાઈએ 'ભાદરવી પૂનમ મહામેળા'ની ભાવનાત્મક અભિવ્યક્તિ આલેખી છે : સચિવ રમેશ મેરજા



(ગરવી તાકાત) પાલનપુર તા.૨

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવશ્રી રમેશ મેરજાની વિશેષ ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના હસ્તે ભાદરવી પૂનમ મહા મેળાના પ્રથમ દિવસે 'આદ્યશક્તિના આંગણે... અનેરો અવસર' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.ભાદરવી પૂનમના મહામેળાનો પાવન પ્રારંભ થઈ ચૂક્યો છે, અરવલ્લીની ગિરિમાળાઓ 'બોલ માડી અંબે,જય જય અંબે'ના જયઘોષથી ગૂંજી ઉઠી છે. મહામેળાના પ્રથમ દિવસે આરાસુરના આંગણે મા અંબાના સાંનિધ્યમાં 'અક્ષતમ્ પબ્લિકેશન' દ્વારા 'ભાદરવી પૂનમ મહામેળા'ની ભાવનાત્મક અભિવ્યક્તિ ધરાવતું અનોખું પુસ્તક 'આદ્યશક્તિના આંગણે... અનેરો અવસર' તૈયાર કરવામાં આવ્યું છે.ભાદરવી પૂનમ મહામેળા ઉપર પ્રકાશિત પુસ્તક બાબતે ઉપસ્થિત સર્વેએ લેખક લાભુ દેસાઈને અભિનંદન પાઠવ્યા હતા.

×આદ્યશક્તિના આંગણે... અનેરો અવસર× પુસ્તકમાં મા અંબાની આરાધના, શક્તિપીઠની શ્રદ્ધા, શ્રીયંત્ર, ભાદરવી પૂનમ થીમ સોંગ, સરકાર દ્વારા થતી વ્યવસ્થાઓ, સંઘો, સેવા-કૅમ્પો જેવા રસપ્રદ વિષયો આવરી લેવામાં આવ્યા છે. પુસ્તક પ્રકાશનના પ્રસંગે લેખક દ્વારા દિપમ્ ફાઉન્ડેશન, ભાવનગરના દિપ જોશી તથા સર્જકનો સંવાદ પ્રોડકશન હાઉસના પરેશ લિમ્બાચીયાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમજ આ પુસ્તક ભાદરવી પૂનમના મહામેળામાં પગપાળા આવતા માઈભક્તોની શ્રદ્ધામાં વધારો કરશે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.જે.દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત શુંબે, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદારશ્રી કૌશિક મોદી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગબ્બર, મંદિર અને અંબાજીના માર્ગો પર સ્વચ્છતાનો અનોખો માહોલ

# અંબાજી આજુબાજુના રસ્તાઓ પર ચમકતી જોવા મળી રહી છે સ્વચ્છતા

(ગરવી તાકાત) પાલનપુર તા.૨

'આસ્થા તમારી વ્યવસ્થા અમારી×ના મંત્ર સાથે અંબાજી ભાદરવી પૂનમ મહા મેળામાં સ્વચ્છતા સૌકોઈને આંખે ઉડીને વળગે એવી છે. ચાલુ વર્ષે આ મહા મેળામાં 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના મંત્રને ચરિતાર્થ કરતા જિલ્લા કલેકટરશ્રી વ આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી મિહિર પટેલ દ્વારા સ્વચ્છતા બાબતે ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. સમગ્ર મેળા દરમિયાન ૩૦ લાખથી પણ વધારે માઈ ભક્તો અંબાજી ખાતે પધારતા હોય છે ત્યારે અંબાજીના રસ્તાઓ, મંદિર સહિતના સ્થળો ખાતે ખાસ સ્વચ્છતા જોવા મળી રહી છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને સ્વચ્છતાના નોડલ ઓફિસર શ્રી એમ.જે. દવેએ જણાવ્યું કે, મહા મેળામાં સ્વચ્છતા પાયાની અને મહત્વની બાબત છે. ચાલુ વર્ષે સ્વચ્છતા પર ખાસ ભાર મુકાયો છે. આ માટે અંબાજી, મંદિર, ગબ્બર અને આજુબાજુના વિસ્તારમાં યોગ્ય સફાઈ થાય અને મોનીટરીંગ માટે



પાંચ ઝોનમાં કામગીરી થઈ રહી છે. ૧૫૦૦ જેટલા સફાઈ કર્મીઓ સ્વચ્છતા ઝુંબેશમાં કામગીરી કરી રહ્યા છે. અંબાજી મેળામાં ભક્તો પદયાત્રા કરીને આવતા હોય છે. રસ્તાઓ પર સફાઈ માટે કુલ ૮૦ જેટલા ટ્રેક્ટર માણસો સાથે કચરાની ઉઠાંતરી કરી રહ્યા છે. મોનિટરીંગ માટે અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે. તેમણે પદયાત્રીઓને વિનંતી કરતા જણાવ્યું કે, કચરો કચરા પેટીમાં નાખવામાં આવે તથા પ્લાસ્ટીકનો ઉપયોગ ના કરવામાં આવે તે જરૂરી છે. સેવા કેમ્પ ખાતે એકત્રિત થયેલો કચરો પણ ટ્રેક્ટર મારફત નિકાલ કરવામાં આવી રહ્યો છે.

અમદાવાદના રાણીપ થી જય અંબે સંઘ લઈને પગપાળા આવેલા કિરીટભાઈ પટેલે જણાવ્યું કે, તેઓ ૮૦ માઈભક્તો સાથે પગપાળા સંઘ લઈને અંબાજી ખાતે પહોંચ્યા છે. માઁ અંબેના અતૂટ શ્રદ્ધા સાથે તેમને રસ્તામાં કોઈપણ પ્રકારની તકલીફ પડી નથી. રસ્તાઓ અને મંદિર ખાતે ખૂબ સારી સ્વચ્છતા અને સગવડનો અમને લાભ મળ્યો છે. સરકારશ્રી અને તંત્ર તરફથી ખૂબ સારી સુવિધાઓ ઉભી કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવેના નેતૃત્વ હેઠળ કુલ ૧૫૦૦ જેટલા સફાઈકર્મીઓ રાઉન્ડ ધ કલોક સ્વચ્છતા અભિયાનમાં જોડાયા છે. ૮૦ ટ્રેક્ટર થકી કચરાનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. અંબાજી તથા આજુબાજુના રસ્તાઓ પર ચમકતી સ્વચ્છતા જોવા મળી રહી છે.

# સંક્ષિપ્ત સમાચાર

## ફાંગડી પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓએ ધરણીધર કૃષિ બજારની મુલાકાત લીધી



(ગરવી તાકાત) વાવ તા.૨

વાવ તાલુકાનાં ફાંગડી પ્રાથમિક શાળાના વિધાર્થીઓએ ઢીમા ખાતે આવેલ ધરણીધર કૃષિ બજારની મુલાકાત લીધી હતી જેમાં માર્કેટયાર્ડની કામગીરી તેના લાયસન્સ, હરાજી, બનાસ મોલ, ડેરી, બનાસ બેંક, અને વેટનરી સેન્ટર વગેરેની મુલાકાત કઈ તેમની કામગીરી વિશે સમજ મેળવી હતી.આ પ્રસંગે શાળાના શિક્ષકગણ અને ઢીમા કૃષિ બજારના સ્ટાફગણ હાજર રહ્યાં હતાં.

## લખીમપુરમાં ભાજપ કાર્યકરોએ કોંગ્રેસ કાર્યાલયમાં તોડફોડ કરી, અબ્દુલ કલામનો ફોટો ફેંકી દીધો

લખીમપુર ,તા.૨

લખીમપુર ખેરીમાં વિરોધ પ્રદર્શન દરમિયાન ભાજપ મહિલા કાર્યકરોએ હોબાળો મચાવ્યો. મહિલા કાર્યકરો કલેક્ટર કચેરી નજીક સ્થિત કોંગ્રેસ જિલ્લા કાર્યાલયમાં ઘૂસી ગયા. કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા અને કોંગ્રેસ કાર્યાલયમાં તોડફોડ કરી. આ દરમિયાન, ત્યાં હાજર પોલીસકર્મીઓ મૂક પ્રેક્ષક બન્યા.

ખરેખર, બિહારમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ અપશબ્દોનો ઉપયોગ કરવામાં આવતા ભાજપના કાર્યકર્તાઓમાં ગુસ્સો છે. ભાજપના કાર્યકર્તાઓ કોંગ્રેસનો વિરોધ કરી રહ્યા છે. આ ક્રમમાં સોમવારે લખીમપુર ખેરીમાં ભાજપ મહિલા કાર્યકરોએ વિરોધ કર્યો. ભાજપ મહિલા મોરચાના કાર્યકરો શહીદ નસીરુદ્દીન મેદાનમાં ભેગા થયા. અહીંથી સૂત્રોચ્ચાર કરતા તેઓ કોંગ્રેસ પક્ષ કાર્યાલય પહોંચ્યા અને હંગામો મચાવ્યો. વિરોધ પ્રદર્શન દરમિયાન મહિલાઓએ કોંગ્રેસ પક્ષ કાર્યાલયમાં ખુરશીઓ તોડી નાખી. ગાંધી પરિવારના નેતાઓના પોસ્ટર અને ચિત્રો કાઢીને ફેંકી દેવામાં આવ્યા. એટલું જ નહીં, કાર્યાલયમાં લટકાવેલા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામની તસવીર પણ કાઢીને નીચે ફેંકી દેવામાં આવી.

ભાજપ કાર્યકરોએ કાર્યાલય પર ટામેટાં ફેંકીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. ખાસ વાત એ હતી કે સમગ્ર ઘટના દરમિયાન ત્યાં હાજર પોલીસકર્મીઓ મૂક પ્રેક્ષક રહ્યા અને કોંગ્રેસ કાર્યાલયમાં તોડફોડ ચાલુ રહી. ઘટનાના વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં ભાજપાના ધ્વજ લઈને મહિલા કાર્યકરો તોડફોડ કરતી જોવા મળી રહી છે.

## પીઓકેના ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં હેલિકોપ્ટર ક્રેશ, ૫ લોકોના મોત

ઈસ્લામાબાદ,તા.૨

પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં એક હેલિકોપ્ટર ક્રેશ થયું છે. હેલિકોપ્ટર દુર્ઘટનામાં ૨ પાઈલટ સહિત ઓછામાં ઓછા ૫ ક્રૂ સભ્યોના મોત થયા છે. અધિકારીઓએ અકસ્માત અંગે માહિતી આપી છે.

ગિલગિટ-બાલ્ટિસ્તાન સરકારના પ્રવક્તા ફૈઝુલ્લાહ ફારાકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે હેલિકોપ્ટર ડાયમેર જિલ્લાના ચિલાસ વિસ્તારમાં ક્રેશ થયું છે. તેમણે કહ્યું, ×અમારું એક હેલિકોપ્ટર ચિલાસના થોર ખાતે ક્રેશ થયું છે.× તેમણે કહ્યું કે ક્રૂમાં ૨ પાઈલટ અને ૩ ટેકનિકલ સ્ટાફનો સમાવેશ થાય છે. દિયામરના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અબ્દુલ હમીદે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અકસ્માતમાં ૫ લોકો માર્યા ગયા છે. તેમણે કહ્યું કે હેલિકોપ્ટર પરીક્ષણ તરીકે નવા પ્રસ્તાવિત હેલિપેડ પર ઉતરી રહ્યું હતું. અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ગયા મહિને ખૈબર પખ્તુનખ્વા સરકારનું હેલિકોપ્ટર ક્રેશ થયા પછી તાજેતરના અઠવાડિયામાં આ બીજો અકસ્માત છે. હાલમાં, અધિકારીઓએ હેલિકોપ્ટર અકસ્માતની તપાસ શરૂ કરી દીધી છે અને અકસ્માતનું કારણ શોધવામાં આવી રહ્યું છે, પરંતુ આ દુર્ઘટનાએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના ગિલગિટ-બાલ્ટિસ્તાન ક્ષેત્રમાં ચિંતા વધારી છે. પાકિસ્તાનમાં તાજેતરના હેલિકોપ્ટર અકસ્માતોને કારણે, પાકિસ્તાન આર્મી એવિએશનની સુરક્ષા વ્યવસ્થા અને ટેકનિકલ તૈયારીઓ પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

## પાલનપુરના જગાણા ગામને દત્તક લેવાયું, વિદ્યાર્થીઓ દર મહિને પરિવારોની મુલાકાત લેશે

(ગરવી તાકાત) પાલનપુર તા.૨

બનાસ મેડિકલ કોલેજે ફેમિલી એડોપ્શન પ્રોગ્રામ અંતર્ગત એક નવી પહેલ શરૂ કરી છે. કોલેજના સ્મ્મ્જી વિદ્યાર્થીઓની નવી બેચ ૨૦૨૫ માટે પાલનપુર તાલુકાના જગાણા ગામને દત્તક લેવામાં આવ્યું છે.કોલેજના કોમ્યુનિટી મેડિસિન વિભાગના નેતૃત્વમાં સ્જીઉ ટીમે ગામમાં એક હજારથી વધુ પરિવારોનો સર્વે હાથ ધર્યો છે. આ કાર્યક્રમ બનાસ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ પાલનપુરના ચેરમેન પી.જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ચાલી રહ્યો છે.વિદ્યાર્થીઓ દર મહિને પરિવારોની મુલાકાત લેશે. તેઓ પરિવારના સભ્યોની આરોગ્ય સ્થિતિ, દવાઓ, રસીકરણ અને પોષણની માહિતી એકત્રિત કરશે. સાથે જ સ્વચ્છતા, વ્યસન મુક્તિ અને આરોગ્ય સેવાઓ અંગે માર્ગદર્શન આપશે.કાર્યક્રમ અંતર્ગત પ્લાસ્ટિક કચરા નિયંત્રણ, શુદ્ધ પીવાનું પાણી, વૃક્ષારોપણ અને કચરા વ્યવસ્થાપન જેવા પર્યાવરણીય મુદ્દાઓ પર પણ ધ્યાન આપવામાં આવશે.

Volume : 11 Issue : 140 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002